# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 16-03-2024 બપોરે : 1.20 થી 1.30

વાર : શનિવાર

આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

************************************************

1. કેન્દ્રીય ચૂંટણી પંચ આજે લોકસભાની અને ચાર રાજ્યોના વિધાનસભાની સામાન્ય ચૂંટણીના કાર્યક્રમની જાહેરાત કરશે.
2. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે તેલંગાણાના નાગર કર્નૂલમાં જાહેર સભાને સંબોધી.
3. **ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ આજથી હૈદરાબાદની બે દિવસની મુલાકાત દરમિયાન કાન્હા શાંતિ વનમ ખાતે 'વૈશ્વિક આધ્યાત્મિકતા મહોત્સવ' ના સમાપન સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે હાજરી આપશે**
4. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે લશ્કરી તાલીમ દરમિયાન તબીબી આધાર પર તાલીમમાંથી અમાન્ય કરાયેલા કેડેટ્સને પુનઃસ્થાપિત કરવાની મંજૂરી આપી.
5. મહિલા પ્રીમિયર લીગ ક્રિકેટમાં આવતીકાલે ફાઇનલમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરનો સામનો દિલ્હી કેપિટલ્સ સામે થશે.

************************************************

(આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો – ન્યૂઝ બ્રેક)

# ECI--LOK-SABHA-POLLS

કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા લોકસભાની સામાન્ય ચૂંટણીના કાર્યક્રમની જાહેરાત આજે બપોરે ત્રણ વાગે કરવામાં આવશે.

નવી દિલ્હીના વિજ્ઞાન ભવન ખાતે લોકસભાની સાથે સાથે ચૂંટણી પંચ દ્વારા ગુજરાત સહિત કેટલીક રાજ્ય વિધાનસભાઓની ચૂંટણીના કાર્યક્રમોની જાહેરાત કરાશે.

ગુજરાતની છ વિધાનસભાની ખાલી પડેલી બેઠકો માટે પણ પેટા ચૂંટણીની પણ તારીખ જાહેર થશે. વર્ષ 2019માં લોકસભાની ચૂંટણી એપ્રિલ અને મે માં સાત તબક્કામાં યોજાઇ હતી. આ વર્ષે પણ લોકસભાની સામાન્ય ચૂંટણી એપ્રિલ અને મે મહિનામાં એકથી વધુ તબક્કામાં યોજાવાની સંભાવના છે.

લોકસભાની સામાન્ય ચૂંટણીના કાર્યક્રમની હજી સત્તાવાર જાહેરાત થઇ નથી, છતાં સત્તાધારી ભાજપે 267 ઉમેદવારોના નામની જ્યારે મુખ્ય વિપક્ષ કોંગ્રેસે 82 ઉમેદવારોના નામની જાહેરાત કરી છે.

# PM-NAGARKARNUL VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેલંગાણાના નાગરકર્નૂલ લોકસભા મતવિસ્તારમાં એક જાહેર સભાને સંબોધન કર્યું. ત્યારબાદ પ્રધાનમંત્રી કર્ણાટકના ગુલબર્ગમાં જાહેર સભાને સંબોધિત કરશે.

ઉલ્લેખનીય છે કે પ્રધાનમંત્રી મોદીએ ભાજપના મલ્કાજગીરીના ઉમેદવાર ઈ રાજેન્દ્ર સાથે ગઈકાલે મલ્કાજગીરી મતવિસ્તારમાં વિજય સંકલ્પ મેગા રોડ શો યોજ્યો હતો.

# ANDHRA PRADESH-PM'S VISIT

પ્રધાનમંત્રી આવતીકાલે આંધ્ર પ્રદેશના ચિલાકાલુરીપેટા ખાતે રાજકીય બેઠકમાં ભાગ લેશે.

શ્રી મોદી પલનાડુ જિલ્લાના ચિલાકાલુરીપેટા ખાતે રાજકીય બેઠકમાં ભાગ લેવા આંધ્રપ્રદેશની મુલાકાતે છે. તેઓ આંધ્રપ્રદેશમાં આવનારી સામાન્ય અને રાજ્યની વિધાનસભાની ચૂંટણી માટે મંચ નક્કી કરવા માટે ભારતીય જનતા પાર્ટી-તેલુગુ દેશમ પાર્ટી-જનસેના પાર્ટીની એનડીએની રાજકીય બેઠકમાં ભાગ લેશે. તેલુગુ દેશમ પાર્ટી તાજેતરમાં જ 5 વર્ષના અંતરાલ બાદ ફરી એનડીએમાં સામેલ થઈ છે.

# PM - ELECTRICITY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પીએમ-સૂર્ય ઘર: નિઃશુલ્ક વીજળી યોજના હેઠળ એક કરોડથી વધુ પરિવારોની નોંધણી પર ખુશી વ્યક્ત કરી છે.

શ્રી મોદીએ સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું છે કે દેશના તમામ ભાગોમાંથી નોંધણી થઈ રહી છે. તેમણે કહ્યું કે ગુજરાત, આસામ, બિહાર, મહારાષ્ટ્ર, ઓડિશા, તમિલનાડુ અને ઉત્તર પ્રદેશમાં પાંચ લાખથી વધુ નોંધણી થઈ છે.

શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું છે કે નિઃશુલ્ક વીજળી યોજના ઊર્જા ઉત્પાદનને સુનિશ્ચિત કરવા સાથે ઘર માટે વીજળીના ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો લાવશે. તેમણે કહ્યું કે આ પહેલ પર્યાવરણ માટે જીવનશૈલીને મોટા પાયે પ્રોત્સાહિત કરશે.

પ્રધાનમંત્રીએ લોકોને વેબસાઈટ pmsuryaghar.gov.in પર નોંધણી કરવા અપીલ કરી છે.

# PM - CAMPAIGN

ભારતીય જનતા પાર્ટીએ આજે લોકસભા ચૂંટણી 2024 પહેલા એક વિડિયો ઝુંબેશ ગીત 'મૈં મોદી કા પરિવાર હું' બહાર પાડ્યું છે. પ્રધાનમંત્રીએ એક સોશિયલ મીડિયા પોસ્ટમાં વીડિયો શેર કર્યો હતો, જે વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ લઈ રહેલા , ખેડૂતોથી લઈને ગરીબ પરિવારોના લોકોને પ્રકાશિત કરે છે..તેલંગાણામાં એક ચૂંટણી રેલી દરમિયાન પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીએ 'હું મોદીનો પરિવાર છું' સૂત્ર આપ્યું હતું. આ વિષયવસ્તુ પર આ ગીત રચવામાં આવ્યું છે.

# PM - LETTER

પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને પત્ર લખીને વિકસિત ભારતને આકાર આપવા માટે અભિપ્રાય માંગ્યો છે. તેમણે કહ્યું કે છેલ્લા 10 વર્ષોમાં દેશે ખૂબ આર્થિક પ્રગતિ જોઈ છે. અને દેશ પરંપરા અને આધુનિકતા બંનેને જોડીને આગળ વધી રહ્યો છે. પ્રધાનમંત્રીએ  કહ્યું કે જનભાગીદારી લોકશાહીની સુંદરતા છે.

શ્રી મોદીએ દેશવાસીઓને વિકસિત ભારત બનાવવાના સંકલ્પને સાકાર કરવામાં તેમનો સાથ આપવા અપીલ કરી છે જેથી દેશને નવી ઊંચાઈ પર લઈ જઈ શકાય.

# PRASAR BHARATI CHAIRMAN

ભૂતપૂર્વ IAS અધિકારી નવનીત કુમાર સેહગલે આજે પ્રસાર ભારતીના નવા અધ્યક્ષ તરીકેનો કાર્યભાર સંભાળ્યો છેઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખરની . આગેવાની હેઠળની પસંદગી સમિતિ દ્વારા પ્રસાર ભારતીના અધ્યક્ષ પદ માટે તેમના નામને મંજૂરી આપવામાં આવ્યા બાદ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ તેમની નિમણૂક કરી હતી .બેચના નિવૃત્ત અમલદાર છે 1988 શ્રી સેહગલ યુપી કેડરના વર્ષ .

# Vp –hydrabad visit

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ આજથી તેલંગાણાના હૈદરાબાદની બે દિવસની મુલાકાતે જશે. તેમની મુલાકાત દરમિયાન તેઓ હૈદરાબાદના કાન્હા શાંતિ વનમ ખાતે 'વૈશ્વિક આધ્યાત્મિકતા મહોત્સવ' ના સમાપન સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે હાજરી આપશે.

ઉલ્લેખનીય છે કે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ગઇકાલે આ મહોત્સવમાં ઉપસ્થિત રહ્યા હતા. ગઈકાલથી શરૂ થયેલો આ આધ્યાત્મિક મેળાવડો આવતીકાલે  સમાપ્ત થશે. આ કાર્યક્રમ  દ્વારા, વિશ્વના સૌથી મોટા ધ્યાન કેન્દ્રમાં તમામ ધર્મો અને સંપ્રદાયોના આધ્યાત્મિક નેતાઓ એક મંચ પર એકત્ર થઈ રહ્યા છે.

# RAJNATH - ARMY CADET

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે લશ્કરી તાલીમ દરમિયાન તબીબી આધાર પર તાલીમમાંથી અમાન્ય કરાયેલા કેડેટ્સને પુનઃસ્થાપિત કરવાની મંજૂરી આપી છે.

સંરક્ષણ મંત્રાલયે કહ્યું કે, કેડેટ્સના માતા-પિતા કેટલાક દાયકાઓથી પુનર્વસન સુવિધાની માંગ કરી રહ્યા હતા. મંત્રાલયના જણાવ્યા અનુસાર, દર વર્ષે સૈન્ય અકાદમીઓ યુવા કેડેટ્સને સશસ્ત્ર દળોમાં અધિકારીઓ તરીકે નિયુક્ત કરવાના મૂળભૂત ઉદ્દેશ્ય સાથે શૈક્ષણિક અને લશ્કરી તાલીમ આપે છે.

સંરક્ષણ મંત્રીએ નિવૃત્ત સૈન્ય કલ્યાણ વિભાગને પણ પુનર્વસન મહાનિર્દેશાલયની યોજનાઓના લાભો વધારવાની મંજૂરી આપી છે. આનાથી પાંચસો કેડેટ્સને મદદ મળશે જેમને તબીબી આધાર પર આ યોજનાઓનો લાભ લેવાથી વંચિત હતા.

# WPL

મહિલા પ્રીમિયર લીગ ક્રિકેટમાં ગઈકાલે રાત્રે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે ભૂતપૂર્વ વિજેતા મુંબઈ ઈન્ડિયન્સને 5 રનથી હરાવી ફાઇનલમાં પ્રવેશ કર્યો છે. પ્રથમ બેટિંગ કરતા રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે 20 ઓવરમાં છ વિકેટે 135 રન બનાવ્યા હતા. જવાબમાં મુંબઈ ઈન્ડિયન્સની ટીમ 6 વિકેટે 130 રન જ બનાવી શકી હતી. આવતીકાલે ફાઇનલમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરનો સામનો દિલ્હી કેપિટલ્સ સામે થશે.

# BADMINTION

ઓલ ઈંગ્લેન્ડ ઓપન બેડમિન્ટન સ્પર્ધામાં ભારતના લક્ષ્ય સેને સેમીફાઈનલમાં પ્રવેશ કર્યો છે. લક્ષ્ય સેનનો આજે ઈન્ડોનેશિયન જોનાટન ક્રિસ્ટી સામે સેમિફાઈનલમાં મુકાબલો થશે. મેચ આજે બપોરે ૩.30 વાગ્યે રમાશે.

ઉલ્લેખનીય છે કે બર્મિંગહામમાં ગઈકાલે રાત્રે પુરૂષ સિંગલ્સની ક્વાર્ટર ફાઇનલમાં ભારતના લક્ષ્ય સેને મલેશિયાને 20-22, 21-16, 21-19થી પરાજય આપ્યો છે.

# JAISHANKAR - SINGAPORE

વિદેશ મંત્રી ડૉમી માર્ચથી સિંગાપુર23 જયશંકર .એસ ., ફિલિપાઇન્સ અને મલેશિયાની પાંચ દિવસય મુલાકાતે જશેદ્વિપક્ષીય આ મુલાકાત ત્રણેય દેશો સાથે . સંબંધોને વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરશે અને પરસ્પર ક્ષેત્રીય મુદ્દાઓ પર .જોડાણની તક પૂરી પાડશે

# NASA-EUROPA MISSION

અમેરિકાની અંતરિક્ષ સંસ્થા નાસા આ વર્ષે ઓક્ટોબરમાં ગુરુના ચંદ્ર યુરોપા પર બોટલમાં સંદેશ મોકલશે.

આ અભિયાનને યુરોપા ક્લિપર મિશન નામ આપવામાં આવ્યું છે. વૈજ્ઞાનિકોનું અનુમાન છે કે ગુરુની બર્ફીલી સપાટીની નીચે એક ખારું સરોવર છે અને આ અભિયાન હેઠળ વૈજ્ઞાનિકો ત્યાં જીવનની શક્યતાઓ શોધશે.

આ પ્લેન યુરોપા ક્લીપર ત્રિકોણાકાર ધાતુની પ્લેટ લઈ જશે. આ પ્લેટફોર્મના બહારના ભાગમાં, પાણી શબ્દ સાથે સુપરઇમ્પોઝ કરેલ ધ્વનિ તરંગ હિન્દી સહિત એકસો ત્રણ ભાષાઓમાં બતાવવામાં આવશે.

# IMD-WEATHER

હવામાન વિભાગે આગામી ચાર દિવસ સુધી પૂર્વ અને મધ્ય ભારતમાં વાવાઝોડા અને વરસાદની આગાહી કરી છે.

પશ્ચિમ બંગાળ, ઝારખંડ, ઓડિશા, વિદર્ભ, છત્તીસગઢ અને મધ્યપ્રદેશમાં આ મહિનાની 20 તારીખ સુધી વરસાદ પડશે અને 40 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે. પશ્ચિમ બંગાળ અને ઉત્તર-પૂર્વ ભારતના નીચાણવાળા વિસ્તારોમાં આગામી 6 દિવસ સુધી હળવો વરસાદ અને હિમવર્ષા થવાની સંભાવના છે. આ મહિનાની 21 તારીખ સુધી જમ્મુ અને કાશ્મીર, લદાખ અને હિમાચલ પ્રદેશમાં હળવો વરસાદ અને હિમવર્ષા થવાની સંભાવના છે.

# UN-INDIA RELIGIONPHOBIA

સયુક્ત રાષ્ટ્રમાં ભારતના સ્થાયી પ્રતિનિધિ રૂચિરા કંબોજે કહ્યું કે, ભારત 'તમામ' પ્રકારના ધાર્મિક ડરની નિંદા કરે છે અને સંયુક્ત રાષ્ટ્રને ધાર્મિક શિબિરોમાં વિભાજીત કરવા સામે ચેતવણી આપે છે.

સંયુક્ત રાષ્ટ્રના 78મા સત્રમાં 'ઇસ્લામોફોબિયા સામે લડવાના પગલાં'ના ઠરાવને અપનાવવા દરમિયાન મહાસભાને સંબોધિત કરતી વખતે આ વાત કહી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આજે અપનાવવામાં આવેલા ઠરાવમાં એવી પૂર્વધારણા સ્થાપિત થવી જોઈએ નહીં કે જે ચોક્કસ ધર્મો સાથે સંકળાયેલા ડર પર કેન્દ્રિત અસંખ્ય ઠરાવો પરિણમી શકે, જે સંયુક્ત રાષ્ટ્રને સંભવિત રીતે વિભાજિત કરી શકે. સુશ્રી કંબોજે જણાવ્યું હતું કે, ભારત તમામ ધર્મોના સમાન સંરક્ષણ અને સંવર્ધનના સિદ્ધાંતને નિશ્ચિતપણે સમર્થન આપે છે. ઇસ્લામોફોબિયા સામે લડવા માટે યુએનના વિશેષ દૂતની નિમણૂક કરવા પર તેણીએ કહ્યું કે ભારત સૈદ્ધાંતિક રીતે વિશેષ ધર્મના આધારે વિશેષ દૂતના પદની રચનાનો વિરોધ કરે છે.